**ક્રિમીનલ કેસ નં:–૧૨૦૦૭૭૬/૨૦૦૦.**

**આંક–૧ નીચે હુકમ**

**(૧).** વિ.એ.પી.પી.શ્રીએ હાલની અરજી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૧ મુજબની પરવાનગી અરજી આંક–૩ ની આપેલ છે તથા આંક–૪ થી વિડ્રો પુરસીસ આપેલ છે. આ કેસમાં આરોપી ઘણાં સમયથી મળી આવતો નથી તેવા શેરા સાથે તેઓના પ્રોસેસ પરત આવેલ છે.

**(૨).** આરોપી વિરુધ્ધ કેસની હકીકત અને સજાની જોગવાઈ અને સરકારશ્રીનું નોટીફીકેશન તથા આ અદાલત ધ્વારા કલેકટરશ્રીને મોકલવામાં આવેલ લીસ્ટ ઉપર વિ.એ.પી.પી.શ્રીએ કરેલ શેરો ધ્યાને લીધા. તેમજ કલેકટરશ્રીએ તેમના પત્ર ક્રમાંક : નં. ડીસી/એડીએમ/પડતર કેસ પરત ખેંચવા/૨૦૨૧, તા.૦૯/૦૯/૨૦૨૧ થી આ કેસો પરત ખેંચવા વિ.એ.પી.પી.શ્રીને મંજુરી આપેલ છે અને તે સંદર્ભે વિ.એ.પી.પી.શ્રીએ અરજીથી તે બાબતની પરવાનગી માંગેલ છે તથા વિડ્રો પુરસીસ આપેલ છે અને તે સંજોગોમાં વિ.એ.પી.પી.શ્રીની અરજી તથા કલેકટરશ્રીના ઉપરોકત પત્ર અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

સદર કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૧ મુજબ પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. આરોપીને ગુનામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ પીરીયડ બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

હુકમ તા.૧૧ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૧ના રોજ સ્પેશીયલ સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.અમદાવાદ.
તા.૧૧/૦૯/૨૦૨૧.

(સી.જે.પટેલ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર–૧૨, અમદાવાદ.
કોડ નં.જીજે.૦૧૦૫૬.